RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 113, Dt.22-07-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કાવડ યાત્રા રૂટ પર દુકાનદારોના નામ લખવાના આદેશ સામે સ્ટે



## દુકાનદારોના નામ અને ઓળખ લખવાની જરૂર નથી માત્ર ભોજન શાકાહારી છે કે માંસાહારી છે એ જણાવવું જરૂરીઃ કાવડયાત્રાના ૨૦૦ કિમી લાંબા રૂટ પર ૪ થી ૫ કરોડ ભકતો કરે છે પગપાળા યાત્રા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશમાં કાવડયાત્રાના રૂટ પર દુકાનદારોને તેમની ઓળખ જાહેર કરવાના સરકારી આદેશ પર વચગાળાનો સ્ટે મૂક્યો છે. કોર્ટે સોમવારે કહ્યું કે દુકાનદારોએ તેમની ઓળખ જાહેર કરવાની જરૂર નથી. કોર્ટે ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડની સરકારોને નોટિસ પાઠવીને શુક્રવાર સુધીમાં જવાબ આપવા જણાવ્યું છે. આગામી સુનાવણી ૨૬ જુલાઈએ થશે.

ઉત્તર પ્રદેશ સરકારે કાવડયાત્રાના રૂટ પર દુકાન માલિકોનાં નામ લખવાનો આદેશ આપ્યો છે. એસોસિયેશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ નામના એનજીઓએ ૨૦ જુલાઈના રોજ સુપ્રીમ કોર્ટમાં આ વિરુદ્ધ અરજી દાખલ કરી હતી. અરજીકર્તાના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે લઘુમતીઓનો તેમની ઓળખના કારણે આર્થિક બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે. આ ચિંતાજનક છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ કેસમાં પોલીસે પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો છે. તેમણે આવું ન કરવું જોઈતું હતું. હોટલ ચલાવનાર લોકો એ જણાવી શકે છે કે તેઓ કેવા પ્રકારનું ભોજન, શાકાહારી કે માસાહારી પીરસી રહ્યા છે. પરંતુ તેમણે પોતાનું નામ લખવા માટે મજબૂર કરી શકાય નહીં.

ઉત્તર પ્રદેશમાં શ્રાવણ મહિનામાં આયોજિત કાવડયાત્રામાં દર વર્ષે લગભગ ૪ કરોડ ભક્તો ભાગ લે છે. જેને કાવડિયા કહેવામાં આવે છે. આ કાવડિયા હરિદ્વારથી ગંગાજળ લઈને અલગ-અલગ શહેરોમાં બનેલાં શિવાલયોમાં જળાભિષેક કરે છે.

દર વર્ષે લગભગ ૪ કરોડ ભક્તો કાવડયાત્રામાં ભાગ લે છે. લગભગ એક મહિના સુધી ચાલનારી કાવડયાત્રા દરમિયાન દરેક શ્રદ્ધાળુ એકથી દોઢ હજાર રૂપિયાનો ખર્ચ કરે છે. તે મુજબ સમગ્ર કાવડયાત્રા દરમિયાન ૫૦૦૦ કરોડ રૂપિયા સુધીનો બિઝનેસ થાય છે.

# પોરબંદર-દ્વારકા બાદ કલ્યાણપુરમાં મેઘરાજાનું દે ધનાધનઃ ચાર કલાકમાં ૧૧ ઈંચ વરસાદ ખાબકયો





**મુખ્ય સમાચાર, જામ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અતિ ભારે કરી શકાય તેવો વરસાદ કલ્યાણપુર તાલુકામાં ખાબક્યો છે. જેમાં આજે સવારે ૮ થી ૧૨ વાગ્યા દરમ્યાન અનરાધાર ૧૧ ઈંચ વરસાદ ખાબકતા કેટલાક સ્થળોએ પરિસ્થિતિ નાજુક બની રહી હતી. અનેક ગ્રામ્ય વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા છે. ભારે વરસાદના પગલે દ્વારકા-સોમનાથ હાઈવે બંધ થઈ જવા પામ્યો છે.

છેલ્લા બે દિવસ દરમિયાન જિલ્લામાં દ્વારકા બાદ કલ્યાણપુર તાલુકામાં સૌથી વધુ વરસાદ વરસી રહ્યો છે. આજે વહેલી સવારે ત્રણ મીલીમીટર બાદ સવારના આશરે નવેક વાગ્યાના સમયથી વરસાદે વેગ પકડયો હતો અને સાંબેલાધારે વરસાદ વરસતા બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૧૧ ઈંચ પાણી પડી ગયું હતું. તાલુકાના લાંબા, ભોગાત, આસોટા વિગેરે ગામોમાં પણ સાર્વત્રિક ધોધમાર વરસાદ વરસી જતા અનેક ખેતરોનું ધોવાણ થયું હતું.

ભારે વરસાદના પગલે જિલ્લા પ્રશાસન દ્વારા લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરવામાં આવી હતી.આ માટે કલ્યાણપુર તાલુકામાં ખાસ આવેલી એનડીઆરએફની ટીમના જવાનોએ મોરચો સંભાળી અને બચાવ રાહત કાર્ય હાથ ધર્યું હતું. ભારે વરસાદના પગલે અનેક ખેતરોનું ધોવાણ થયું હતું. નિંચાણવાળા વિસ્તારો જળમગ્ન બન્યા હતા. હાલ જિલ્લામાં સૌથી વધુ વરસાદ કલ્યાણપુર તાલુકામાં ૪૮ ઈંચ પડી ચૂક્યો છે. કલ્યાણપુર તાલુકાનું રાવલ ગામ બેટમાં ફેરવાઈ ગયું છે. આ ઉપરાંત ભારે વરસાદના પગલે દ્વારકા સોમનાથ નેશનલ હાઈવે પાણી ભરાઈ જવાના કારણે બંધ થઈ ગયો છે.

# સંસદનું બજેટસત્ર શરૂઃ નાણાંમંત્રીએ રજૂ કર્યો આર્થિક સર્વે

## નીટ મુદ્દે હોબાળોઃ રાહુલ ગાંધીએ પરીક્ષા પધ્ધતિને ફ્રોડ ગણાવી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં આર્થિક સર્વે રજૂ કર્યો છે.આજથી શરૂ થયેલું સંસદ સત્ર ૧૨ ઓગસ્ટ સુધી ચાલશે. આમાં કુલ ૧૯ બેઠકો યોજાવાની છે. આ સમયગાળા દરમિયાન સરકાર ૬ બિલ રજૂ કરે તેવી આશા છે.

આજથી ચોમાસુ સત્ર શરૂ થયું છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન NEETમાં થયેલી ગેરરીતિઓ પર બોલી રહ્યા હતા. આ દરમિયાન વિપક્ષોએ હોબાળો મચાવ્યો અને તેમના રાજીનામાની માંગ કરી હતી. શિક્ષણ મંત્રીએ કહ્યું- મામલો સુપ્રીમ કોર્ટમાં છે અને કોર્ટ જે પણ નિર્દેશ આપશે અમે તેનું પાલન કરીશું. કોર્ટે તમામ વિદ્યાર્થીઓના શહેર અને કેન્દ્ર મુજબના પરિણામો જાહેર કરવા જણાવ્યું હતું, જે પબ્લિક ડોમેનમાં છે.

બજેટ સત્ર પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદ પરિસરમાં દેશની જનતાને સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું, પઅમારો ઉદ્દેશ્ય ગ્રાઉન્ડ લેવલે સરકારની ગેરંટી લાગુ કરવાનો છે. વડાપ્રધાન મોદીએ કહ્યું- આજથી મહત્વપુર્ણ સત્રની શરુઆત થઈ છે, સત્ર સકારાત્મક રહે.

સંસદનું ચોમાસુ સત્ર આજથી (૨૨ જુલાઈ) શરૂ થયું છે. ૧૨ ઓગસ્ટ સુધી ચાલશે. વડાપ્રધાન મોદીએ મીડિયા સાથે વાત કરતા કહ્યું- આજે સાવનનો પહેલો સોમવાર છે. આ પવિત્ર દિવસે એક મહત્વપૂર્ણ સત્ર શરૂ થયું છે. મારો ઉદ્દેશ્ય હું દેશવાસીઓને જે ગેરંટી આપું છું તેનો અમલ કરવાનો છે.

# RBI સાથે રિસર્ચ ઈન્ટર્નશિપ સ્કીમ હેઠળ કામ કરવાની તક, દર મહિને સ્ટાઈપેન્ડ પણ મળશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર નોકરી માટે અલગ-અલગ પ્રકારની સ્કીમ ચલાવે છે. જેમાં વિવિધ વર્ગના લોકોને લાભ મળે છે. કેન્દ્ર સરકારની જુદી-જુદી સંસ્થાઓમાં દેશના યુવાનો માટે અલગ-અલગ સ્કીમ્સ હેઠળ નોકરી અને ઈન્ટર્નશિપ ઓફર ઉપલબ્ધ કરવામાં આવે છે. દેશની સેન્ટ્રલ બેન્ક રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા યુવાનો માટે એક સ્કીમ ઓફર કરે છે, જેનું નામ રિસર્ચ ઈન્ટર્નશિપ સ્કીમ.

રિસર્ચ ઈન્ટર્નશિપ સ્કીમ હેઠળ લાયક યુવાનોને આરબીઆઈમાં ઈન્ટર્નશિપ કરવાની તક મળે છે. જેમાં યુવાનોને આરબીઆઈમાં કામ કરવાની તક ઉપરાંત દરમહિને સારૂ એવું સ્ટાઈપેન્ડ પણ મળે છે.

RBI દ્વારા ચલાવવામાં આવતી ઈન્ટર્નશિપ સ્કીમ યુવાનો માટે શીખવાની સારી તક છે. જે યુવાનો અર્થશાસ્ત્ર, બેન્કિંગ અથવા ફાઈનાન્સ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવવા માંગે છે. તેઓ આ સ્કીમમાં ભાગ લઈ શકે છે. આરબીઆઈ સ્કીમ માટે અરજી કરવા માટે, અરજદાર પાસે ૩ વર્ષની સ્નાતકની ડિગ્રીની સાથે એક વર્ષ માસ્ટર્સ કર્યું હોવું પણ જરૂરી છે. અથવા B.Tech અથવા B.E ડિગ્રી પણ માન્ય છે. આરબીઆઈની આ યોજના હેઠળ દર વર્ષે બે યુવાનોની પસંદગી કરવામાં આવે છે. જેની શરૂઆત પહેલી જુલાઈ અને પહેલી જાન્યુઆરીએ કરાય છે. દર વર્ષે આ અંતર્ગત ૧૦ ઈન્ટર્નની પસંદગી કરવામાં આવે છે. આ ઈન્ટર્નશિપનો સમયગાળો ૬ મહિનાનો છે, પરંતુ તેને બે વર્ષ સુધી લંબાવી શકાશે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા રિસર્ચ ઈન્ટર્નશિપ સ્કીમ હેઠળ પસંદ કરાયેલા ઈન્ટર્નને દર મહિને રૂ. ૩૫,૦૦૦નું સ્ટાઈપેન્ડ અપાશે. આ ઈન્ટર્નશિપનું સ્થળ આરબીઆઈ હેડકવાર્ટર મુંબઈ રહેશે. આ સાથે RBI કોઈ પણ કારણ આપ્યા વિના એક મહિનાની નોટિસ પર ઈન્ટર્નશિપ સમાપ્ત કરવાનો અધિકાર રહેશે. આ ઉપરાંત સંસ્થાની જરૂરિયાત અને અરજદારના પર્ફોર્મન્સના આધારે આરબીઆઈ છ-છ માસની મુદત માટે ઈન્ટર્નશિપ એકસેટન્ડ કરી શકશે. જો કે આ ઈન્ટર્નશિપનો કુલ સમય બે વર્ષનો જ રહેશે. આરબીઆઈએ ગાઈડલાઈન્સમાં એ પણ સ્પષ્ટતા કરી છે કે, આ ઈન્ટર્નશિપના આધારે યુવાનોને આરબીઆઈમાં નોકરી માટે અરજી કરવાનો અધિકાર નથી મળતો અને ના તો તેઓ તેવો દાવો કરી શકે છે.

# કાશ્મીરમાં સેનાની શિબિર પર થયેલાં ત્રાસવાદી હુમલાને નિષ્ફળ બનાવાયો



**મુખ્ય સમાચાર, જમ્મુ-કાશ્મીર**

જમ્મુ-કાશ્મીરમાં હાલ સતત આતંકી હુમલા થઈ રહ્યા છે. આજે સોમવારે સવારે ૪ વાગ્યે રાજૌરી જિલ્લામાં સેનાની શિબિરમાં આતંકીઓએ ગોળીબાર કર્યા હતા, જેમાં એક આતંકી માર્યો ગયો હતો. આતંકીઓને પકડવા માટે સેનાએ મોટા સ્તરે તલાશી અભિયાન હાથ ધર્યું છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત અનુસાર રાજૌરી જિલ્લામાં ગુંધા વિસ્તારમાં સવારે શંકાસ્પદ આતંકીઓએ સેનાની શિબિર પર હુમલો કર્યો હતો. આ ફાયરીંગ સવારે ૪ વાગ્યે થયુ હતું. આ આતંકી હુમલામાં એક જવાન ઘાયલ થયાની સૂચના મળી રહી છે. આતંકીઓ દ્વારા હુમલા બાદ સુરક્ષા દળો દ્વારા ઘેરાબંધી કરીને તલાશી અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે. વધુમાં જાણવા મળતી વિગત મુજબ અથડામણમાં એક આતંકી માર્યા ગયાની અને એક નાગરિકને ઈજા થયાના સમાચાર છે.સૂત્રોએ જણાવ્યું હતું કે આતંકીઓએ પહેલા એક ગામના બહારના વિસ્તારમાં એક ગામ રક્ષા સમૂહ (વીડીની)ના સભ્ય અને પુર્વ સૈનિકના ઘર પર હુમલો કરવાની કોશિશ કરી હતી પણ પોલીસ કર્મીઓની હાજરીના કારણે તેમને વિસ્તારમાંથી ભાગી જવા મજબૂર બનવું પડયું હતું અને બાદમાં તેમણે સેનાની ચોકીને નિશાન બનાવી હતી.

# ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કૃષિ નિકાસમાં ૩ ટકાનો ઘટાડો

## વૈશ્વિક પડકારો તેમજ સ્થાનિક સ્તરે પુરવઠાની સ્થિતિને કારણે પ્રતિકુળ સ્થિતિ ઉદભવી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં કૃષિ નિકાસ ૩ ટકા ઘટીને ૫.૮૮ બિલિયન ડોલર થઈ છે. વૈશ્વિક પડકારો તેમજ સ્થાનિક સ્તરે પુરવઠાની સ્થિતિને કારણે આ સ્થિતિ ઉદભવી છે.

કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીએ (એપેડા) જણાવ્યું હતું કે કૃષિ ક્ષેત્ર પડકારોનો સામનો કરી રહ્યું છે. આ પડકારોમાં લાલ સમુદ્રના સંકટને કારણે માલસામાનની વધતી જતી કિંમત અને હવાઈ માર્ગે માલ મોકલવો અને વૈશ્વિક સ્તરે મકાઈના ઘટતા ભાવનો સમાવેશ થાય છે. તેની અસર નિકાસકારોને થઈ છે.નિકાસને અસર કરતું બીજું પરિબળ ભારતમાં નોન-બાસમતી અને અન્ય જાતો પર પ્રતિબંધ છે અને તેનાથી ચોખાની નિકાસ પર અસર પડી છે.

ભારતની બાસમતી અને નોન-બાસમતી ચોખાની નિકાસ જૂનમાં પૂરા થયેલા ક્વાર્ટરમાં ૦.૪૬ ટકા ઘટીને ૨.૮ બિલિયન થઈ છે. જો કે, સરકારને આશા છે કે ભારત આગામી છ મહિનામાં ગયા વર્ષના ચોખાની નિકાસ સુધી પહોંચી જશે.

લાલ સમુદ્રના સંકટને કારણે લોજિસ્ટિક્સ સંબંધિત ઘણા મુદ્દાઓ ઉભા થયા છે. હજુ પણ આ ચાલુ રહેવાને કારણે હવાઈ નૂરની કિંમતમાં પણ વધારો થયો છે. અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા મુદ્દાને કારણે કન્ટેનરની અછત સર્જાઈ છે.

ભારતમાં આ વર્ષે મકાઈનું સારું ઉત્પાદન થયું છે. દેશમાં મકાઈના ભાવ ઊંચા છે જ્યારે વૈશ્વિક સ્તરે તે નીચા છે. જેના કારણે મકાઈની નિકાસમાં ઘટાડો નોંધાયો છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ બે મહિનામાં ઘઉં, નોન-બાસમતી ચોખા, બાજરી જેવા નિયંત્રિત કૃષિ ઉત્પાદનોના ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

સરકાર આગામી બેથી ત્રણ મહિનામાં નોન-ટ્રેડ અવરોધોને દૂર કરવા માટે એક ઓનલાઈન પ્લેટફોર્મ શરૂ કરવા પર કામ કરી રહી છે.

# કેરળમાં નિપાહ વાયરસથી ૧૪ વર્ષના કિશોરનું મોતઃસંબંધીઓ દેખરેખ હેઠળ; ૨૦૧૮ પછી રાજ્યમાં ૫મી વખત ચેપ ફેલાયો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેરળના મલપ્પુરમમાં રવિવારે નિપાહ વાયરસથી પીડિત ૧૪ વર્ષના કિશોરનું મોત થયું હતું. રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી વીણા જ્યોર્જે જણાવ્યું કે, પીડિત કિશોરને સવારે ૧૦.૫૦ વાગ્યે હાર્ટ એટેક આવ્યો. આ પછી તેમને વેન્ટિલેટર સપોર્ટ પર પણ રાખવામાં આવ્યા હતા, પરંતુ સવારે ૧૧.૩૦ વાગ્યે તેમનું મૃત્યુ થયું હતું.

વીણાએ જણાવ્યું કે, સંક્રમિત કિશોરને ઓસ્ટ્રેલિયાથી મોનોક્લોનલ એન્ટિબોડીઝ આપવામાં આવી હતી. પ્રોટોકોલ અનુસાર, તે ચેપ લાગવાના ૫ દિવસની અંદર આપવામાં આવે છે. આ કિસ્સામાં ચેપગ્રસ્ત કિશોરને એન્ટિબોડીઝ આપવામાં વિલંબ થયો હતો.

વીણાએ એમ પણ કહ્યું કે,કિશોરના અંતિમ સંસ્કાર આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ મુજબ કરવામાં આવશે. આ માટે કિશોરના પરિવાર અને માતા-પિતા સાથે વાતચીત કરવામાં આવી રહી છે. તે જ સમયે તેના સંપર્કમાં આવેલા ત્રણ સંબંધીઓને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે.

કેરળમાં ૨૦૧૮ પછી ૫મી વખત નિપાહ સંક્રમણ ફેલાયું છે. આ પછી ૨૦૧૯, ૨૦૨૧ અને ૨૦૨૩માં પણ તેના કેસ જોવા મળ્યા હતા. આ માટે હજુ સુધી કોઈ રસી બનાવવામાં આવી નથી.

નિપાહ ચેપગ્રસ્ત ચામાચીડિયા, ડુક્કર અથવા લોકોના શરીરના પ્રવાહીના સંપર્ક દ્વારા ફેલાય છે. નિપાહથી સંક્રમિત લોકોના ૭૫% કેસોમાં ચેપગ્રસ્ત વ્યક્તિનું મૃત્યુ થાય છે.

રાજ્ય મંત્રીના જણાવ્યા અનુસાર, મૃત્યુ પામેલા કિશોરના ત્રણ નજીકના સંબંધીઓ, તેના પિતા અને કાકા સહિત, કોઝિકોડની મેડિકલ કોલેજ હોસ્પિટલના નિરીક્ષણ હેઠળ છે. જ્યારે બાકીના ચાર પરિચિતોને મંજેરી મેડિકલ કોલેજ, મલપ્પુરમમાં રાખવામાં આવ્યા છે. તેમાંથી એક આઈસીયુમાં છે. ઉચ્ચ જોખમવાળા દર્દીઓમાં નિપાહના લક્ષણો નથી. અહીં, આરોગ્ય વિભાગે મંજેરી મેડિકલ કોલેજમાં ૩૦ આઈસોલેશન રૂમ અને ૬ પથારીવાળા આઈસીયુ બનાવ્યા છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જ્યારે છોકરો ૧૦ જુલાઈએ સ્કૂલેથી પાછો આવ્યો ત્યારે તેણે તાવ અને થાકની ફરિયાદ કરી. તેમને પહેલા ૧૨ જુલાઈના રોજ પંડિકડના એક ખાનગી કિલનિકમાં અને ૧૩ જુલાઈના રોજ અન્ય ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યારે તેમની તબિયતમાં સુધારો થયો ત્યારે તેમને ૧૫ જુલાઈના રોજ ત્યાં દાખલ કરવામાં આવ્યા હતા.એન્સેફાલીટીસના લક્ષણો દર્શાવ્યા પછી, તેને તે જ દિવસે નજીકના પેરીન્થાલમન્નાની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાંથી તેને કોઝિકોડ અને પછી ૨૦ જુલાઈના રોજ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો.

રાજ્ય સરકારે તાજેતરમાં નિપાહ વાયરસની અસરોને રોકવા માટે માર્ગદર્શિકા તૈયાર કરી છે. આ અંતર્ગત લોકોને ચામાચીડિયાના ઘરો ન હટાવવાની વિનંતી કરવામાં આવી હતી, કારણ કે તેમને ખલેલ પહોંચાડવાથી વાયરસના ચેપનું જોખમ વધી શકે છે. તે ફળો ખાવા માટે પણ પ્રતિબંધિત છે જે પક્ષીઓ દ્વારા પહેલેથી જ કાપી લેવામાં આવ્યા છે. આવા ફળો ચામાચીડિયા દ્વારા પણ દૂષિત થઈ શકે છે.

# વાંકાનેરમાં અપહરણ તથા પોક્સો કેસના આરોપી તથા ભોગ બનનારને અમરેલીથી પકડી લેવાયા



**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદના આધારે અપહરણ અને પોકસોની કલમ હેઠળ ગુનાના કેસના આરોપીને વાંકાનેર તાલુકા પોલીસે અમરેલી ખાતેથી ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે ભોગ બનનારને પણ તેની સાથેથી ઝડપી લેવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ગત તા. ૨૮/૦૬ના રોજ ફરિયાદીએ ફરિયાદ નોંધાવી હતી કે તેમની સગીરવયની દીકરીનું લગ્નની લાલચે બદકામ કરવાના ઇરાદે આરોપી રાહુલ ખીમાભાઇ સરવૈયા અપહરણ કરી લઇ ગયેલ હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ અપહરણ અને પોકસોની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

ત્યારેવકનેર તાલુકા પોલીસે ગુનાની ગંભીરતા સમજી આરોપી તથા ભોગ બનનારને પકડી પાડવા અલગ અલગ ટીમ બનાવી શોધખોળ ચલાવી રહ્યા હતા દરમ્યાન પીએસઆઇ એલ.એ.ભરગાને ખાનગીરાહે હકીકત મળેલ કે ભોગબનનાર તથા આરોપી હાલ અમરેલી ખાતે હોવાની જાણ થયેલ જેથી બાતમી મુજબના સ્થળે સ્ટાફ સાથે તપાસ કરતા અમરેલી ખાતેથી ભોગબનનાર તથા આરોપી રાહુલ ખીમજીભાઇ સરવૈયા ઉવ.૧૮ રહે.શેખરડી તા. વાંકાનેરને ઝડપી લેવામાં આવ્યા હતા ત્યારે આરોપી તથા ભોગ બનનારને હસ્તગત કરી વાંકાનેર તાલુકા પોલીસ મથક ખાતે લાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મેઘરાજાનું આગમન થતા જામનગર નિચાણવાળા વિસ્તારો પાણી પાણી



**મુખ્ય સમાચાર, જામનગર**


જામનગર શહેર પર અમી દ્રષ્ટી વરસાવી હતી જેમાં બપોરે ચારેક વાગ્યાના સુમારે મંડાયેલા મેઘરાજા મુશળધાર વરસતા દોઢેક કલાકમાં જ ત્રણ ઇંચ જેટલુ પાણી વરસી જતા સતત ધમધમતા રાજમાર્ગો પર પાણી વહેતા થયા હતા.શહેરના અમુક નિચાણવાળા વિસ્તારો પાણી પાણી થયા હતા.ભારે વરસાદના કારણે એક તબકકે માર્ગો પર જાણે કે નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.જોકે,ટવેન્ટી ટવેન્ટી ઇનિંગ બાદ મેઘરાજા ધીમા પડયા હતા.જામનગર શહેરમાં અષાઢ માસના આરંભથી સમયાંતરે હળવા કે ભારે વરસાદી ઝાપટાઓના મુકામ બાદ રવિવારે બપોર બાદ આભમાં છવાયેલા કાળા ડીંબાગ વાદળો વરસવાનુ શરૂ કર્યુ હતુ.

મેઘરાજાએ તોફાની સ્વરૂપ ધારતા કરતા એક-દોઢ કલાક સુધી તો ધોધમાર વરસાદ મહદઅંશે અવિરત રહયો હતો. જેના પગલે ત્રણ ઇંચ જેટલુ પાણી વરસી ગયુ હતુ.તોફાની વરસાદના કારણે શહેરના બેડી ગેઇટ, પંચેશ્વર ટાવર, હવાઇ ચોક,સ્પોર્ટસ સંકુલ માર્ગ સહિતના અમુક સતત ધમધમતા માર્ગો પાણી પાણી થયા હતા. માર્ગો પર પાણી વહેતા થતા અમુક સ્થળે વરસાદની મજા માણવા નિકળેલા લોકોના વાહનો પણ બંધ થયા હોવાનુ જોવા મળ્યુ હતુ.

# ઉપલેટામાં જાહેર રસ્તા પર ઉભરાઈ રહેલા ગટરના પાણીઓઃ નગરપાલિકા તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં

## નગરપાલિકા કચેરીથી માત્ર થોડા જ મીટર અંતરે જાહેર રસ્તા પર કાયમી ગટર ઉભરાઈ રહી છેઃ અનેક વિસ્તારોમાં ગટરોના ઢાંકણા ખુલ્લાઃ કોઈનો જીવ જાય પહેલાં તંત્રએ જાગવુ જરૂરી





**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

**ઉપલેટાઃ** ઉપલેટા નગરપાલિકા તંત્ર દ્વારા પ્રી મોન્સુનની કામગીરી કેવી થઈ છે તેને લઈને અગાઉ પણ મીડિયામાં અહેવાલો પ્રસિદ્ધ થયા છે ત્યારે ઉપલેટા નગરપાલિકા તંત્ર દ્વારા ઉપલેટા શહેરની ઘણી કુંડીઓમાં જારીઓ નથી તે અંગે કોઈ તસ્દી જ નથી લેવામાં આવી તેવી ઉપલેટા શહેર ભરના વિવિધ વિસ્તારોની અંદરથી લેખિત તેમજ મૌખિક ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે અગાઉ પણ અનેક વખત ફરિયાદો ઉઠી હતી પરંતુ તંત્ર દ્વારા પ્રિમોન્સુનની કામગીરી માત્ર કાગળ પર કરવામાં આવતી હોય અને પ્રજાના પ્રશ્નોને ન્યાય આપવા માટે કોઈ યોગ્ય તસ્દી નથી લેવામાં આવતી તેવી પણ ફરિયાદ ઉઠી છે.

ઉપલેટા નગરપાલિકા કચેરીથી માત્ર થોડા જ મીટરના અંતરે જાહેર રસ્તા પર પેટ્રોલ પંપ અને નગરપાલિકાની વચ્ચે આવેલા જાહેર રસ્તામાં એક ગટરની મોટી કુંડી છે જે ખુલ્લી કુંડીમાંથી કાયમી ગટરનું ગંદુ પાણી વહેતું હોવાથી ફરિયાદ છે કારણ કે આ કુંડીના લીધે અનેક લોકો પડતા હોવાની આસપાસના લોકોએ મીડિયા સમક્ષ માહિતીઓ પહોંચાડી છે ત્યારે આ અંગે ઉપલેટા નગરપાલિકા તંત્રને જાણ કરી છે પરંતુ તંત્ર કોઈ પણ પ્રકારનું ધ્યાન ન દેતી હોય તેવી પણ સ્થાનિકોએ મીડિયાને માહિતીઓ આપી છે ત્યારે આ પ્રકારના મામલાની અંદર જોવા જઈએ તો ઉપલેટા શહેરમાં અનેક વિસ્તારોની અંદર એવી કુંડીઓ છે કે જેમાં ઢાંકણા પણ નથી અને ઢાંકણા ફીટ કરવા માટેનું કોઈ કામ તંત્ર હાથમાં પણ લેતું નથી કે ધ્યાનમાં પણ લેતું નથી. આ પ્રકારના ઢાંકણા વગરની કુંડીના કારણે અગાઉ અને હાલ ખાસ કરીને ચોમાસામાં અનેક અકસ્માતના બનાવો પણ સામે આવી ચૂક્યા છે ત્યારે આગામી દિવસોની અંદર તંત્ર ઉપર પુનઃ સ્થાનિકોનો ઘેરાવ કરવાની સંપૂર્ણ તૈયારીમાં હોય તેવી પણ સૂત્રો પાસેથી માહિતીઓ સામે આવી રહી છે.

હાલ ચોમાસાનું વરસાદી વાતાવરણ જામી ચૂક્યું છે ત્યારે ઘણા ખરા વિસ્તારોની અંદર ખરાબ રસ્તામાં મોરમ પાથરવાની કામગીરી ચાલી રહી છે પરંતુ આ મોરમ પાથરવાની કામગીરીમાં મોરમની સાથે-સાથે લોકોના માથા ફાટી જાય તેવા પણ પથ્થરો જોવા મળ્યા છે. આ પથ્થરો અકસ્માતનું કારણ બની રહ્યા છે જેમાં મોરમની સાથે લોકોના ખોપરીઓ ફાટી જાય અને હાથ પગ ભાંગી જાય તેમજ કમરના દુખાવા થઈ જાય તેવા પ્રકારના મોટા પથ્થરો પણ પથરાઈ ગયા છે. આ પથ્થરો તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી હટાવી અને યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો જે વિસ્તારમાં આ પથ્થરો જોવા મળી રહ્યા છે તે વિસ્તારના સ્થાનિકો આ પથ્થરો એકત્રિત કરી અને ઉપલેટા નગરપાલિકા કચેરી ખાતે પથરો જમા કરાવવા માટે આવશે તેવી પણ સ્થાનિક સૂત્રો પાસેથી માહિતીઓ પ્રાપ્ત થઈ છે ત્યા સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે આ આળસુ તંત્ર હજુ પણ નિંદ્રામાં રહે છે કે પછી મીડિયાના અહેવાલો બાદ પોતાની જવાબદારી નિભાવવા માટે પ્રામાણિક અને જવાબદાર બનીને કોઈ ગંભીર અકસ્માત થાય તે પહેલા જાગે છે તે તો આવતા દિવસોની અંદર જ ખ્યાલ આવશે.

# મોરબીના નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશન દ્વારા ગુરુપૂર્ણિમાની ભાવવિભોર ઉજવણી કરવામાં આવી



**મુખ્ય સમાચાર, મોરબી**

નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશન ભારતીય સંસ્કૃતિના દરેક તહેવારની ઉજવણી અનોખી રીતે કરતું હોય છે. જેમાં આજે તમામ વિભાગમાં ગુરુપૂર્ણિમાની અનોખી ઉજવણી કરવામાં આવી હતી

નવયુગ કોલેજ અને સંકુલમાં ચાલતાં યુનિટમાં નવયુગના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને જાણીતા લોક સાહિત્યકાર રાજુભાઈ આહીર અને એમની ટીમ અમદાવાદથી ગુરુવંદના કરવા આજે નવયુગમાં પધારેલ. રાજુભાઈ આહીરે પોતાની અગાવી શૈલીમાં ગુરુમહિમા, ઉપદેશ અને જીવનમાં ગુરુનું મહત્ત્વ સમજાવ્યું હતું અને પોતે આજે જે સ્થાને છે તેનો યશ તેમને ગુરુ કાંજીયા સાહેબ અને નવયુગને આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, 'આજે હું જે કંઈ છું તેનુ નવયુગે આપેલું પ્લેટફોર્મના કારણે'.

તેમજ સંકુલમાં પ્રાથમિક વિભાગમાં ભારત વિકાસ પરિષદ દ્વારા ગુરુપૂર્ણિમાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓએ સ્પીચ આપેલ અને સમૂહ- ગીત ગાયું હતું. જેમાં ગુરુમહિમાની ઝાંખી હતી. ગણપતિજી ,મા સરસ્વતીજી અને કાંજીયાસરના ગુરુ સ્વ: જીવરાજબાપા વિરપરિયાનુ પૂજન- અર્ચન કરી ઉજવણી કરવામાં આવેલ.

નવયુગ વિદ્યાલય અને રાધે- ક્રિષ્ના વિદ્યાલયમાં પણ અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને નાનાં બાળકો એ નાટ્યત્મક સંવાદ દ્વારા ગુરુમહિમા સમજાવ્યો હતો .નવયુગ પ્રેપ સેક્સનમાં પણ નાનાં ભૂલકાઓએ પણ ખૂબ સરસ રીતે ગુરુવંદના કાર્યક્રમનું આયોજન કર્યું હતું અને ટીચર્સ દ્વારા ગુરુ શિષ્યનો નાટ્ય-સવાંદ કરી કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો.

આ તમામ કાર્યક્રમ નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનના પ્રમુખશ્રી પી. ડી. કાંજીયા સાહેબના માર્ગદર્શન હેઠળ અને તેમની ઉપસ્થિતમાં યોજવામાં આવ્યો હતો. વિશેષ ઉપસ્થિતમાં નવયુગ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી રંજનબેન પી. કાંજીયા અને મેનેજીંગ ટ્રસ્ટી બળદેવભાઈ સરસવાડિયા હાજર રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમને તમામ વિભાગીય વડાઓ, સ્ટાફમિત્રોએ સફળ બનાવ્યો હતો.

## જીવન રક્ષક એવી ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમની ઈમાનદારીનું વધુ એક દ્રષ્ટાંત

# ઉપલેટા ૧૦૮ સેવાની ટીમે રોકડ રૂ. ૨૯,૫૬૦ અને ડોક્યુમેન્ટ્સ દર્દીના પરિજનોને પરત કરી પ્રમાણિકતા દાખવી



**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા તા.ગુજરાત સરકારની ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ઓળખ માત્ર ઇમરજન્સી સારવાર પૂરતી સીમિત ન રહેતાં પ્રમાણિકતા માટે પણ નેત્રદિપક સાબિત થઇ રહી છે. જેના અનેક ઉદાહરણ દિન-પ્રતિદિન જોવા મળી રહ્યા છે. ત્યારે તાજેતરમાં વધુ એક દાખલો ઉપલેટા ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની કર્તવ્યનિષ્ઠ ટીમે પૂરો પાડ્યો છે.

પોરબંદરથી રાજકોટ હાઈવે પર ઉપલેટા બાયપાસ નજીક એક છકડો રીક્ષા અને કાર અથડાતા વાહન અકસ્માત સર્જાયો હતો. જેમાં છકડો રીક્ષાચાલક ૪૫ વર્ષીય આસીફભાઇ અબ્બાભાઇ કુરેશી ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. આ બનાવ અંગે ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમને જાણ થતા તુરંત જ ટીમ ઘટનાસ્થળે જવા રવાના થઈ હતી. સ્થળ પર પહોંચીને ટીમે ઈજાગ્રસ્ત આસીફભાઈને તપાસતા તેઓ અર્ધબેભાન હાલતમાં મળી આવ્યા હતા. તેમને હાથ સહીત શરીરના જુદા-જુદા ભાગે ઈજા પહોંચી હતી. ટીમ દ્વારા દર્દીને સ્થળ પર પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર અર્થે કોટેજ હોસ્પિટલ, ઉપલેટા ખસેડવામાં આવ્યા હતા ઈ.એમ.ટી. ધીરૂભાઇ લાખણોત્રા અને પાઇલોટ યશરાજસિંહ જાડેજા દ્વારા દર્દીની ઓળખ માટે તપાસ કરતાં તેની પાસેથી રોકડ રૂ. ૨૯,૫૬૦ અને જરૂરી ડોક્યુમેન્ટ મળી આવ્યા હતા, જે દર્દીના પરિવારજનોનો સંપર્ક કરીને પરત કરવામાં આવ્યાં હતાં. ૧૦૮ સેવાની લોકેશનની ટીમે પ્રમાણિક્તા દર્શાવતા દર્દીના પરિજનોએ કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારે દર્દીઓના જીવન રક્ષક તરીકે આગવી ભૂમિકા ભજવતી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાએ ઈમાનદારીનું વધુ એક ઉત્તમ દ્રષ્ટાંત પૂરું પાડ્યું હતું.

# મોરબીના શિક્ષક વિજયભાઈ દલસાણીયાને 'સાંદીપનિ ગુરુ ગૌરવ' એવોર્ડથી સન્માનિત કરાયા

## ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝાના વરદ હસ્તે એવોર્ડ આપી બહુમાન કરાયા





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના શિક્ષક વિજયભાઈ દલસાણીયાને પોરબંદરની સાંદિપની વિદ્યા નિકેતન દ્વારા શ્રેષ્ઠ શિક્ષક તરીકેના 'સાંદિપની ગુરુ ગૌરવ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. કે તેઓએ 'રમકડાં દ્વારા શિક્ષણ' વિષય ઉપર શ્રેષ્ઠ કામગીરી કરતા ૫૬મુ સન્માનીય બહુમાન પ્રાપ્ત કર્યું છે. ત્યારે વિશ્વ પ્રસિદ્ધ ભાગવતાચાર્ય ભાઈશ્રી પૂજ્ય રમેશભાઈ ઓઝાના વરદ હસ્તે શ્રેષ્ઠ શિક્ષકનું બહુમાન મેળવી વિજયભાઈ દલસાણીયાએ સમગ્ર મોરબી જીલ્લાનું ગૌરવ વધાર્યું છે.

મોરબી:દર વર્ષે સાંદીપની વિદ્યાનિકેતન પોરબંદર દ્વારા રાજ્યના દરેક જીલ્લામાંથી એક શ્રેષ્ઠ શિક્ષકની પસંદગી કરી તેમને 'સાંદીપનિ ગુરુ ગૌરવ' એવોર્ડ' આપી સન્માનિત કરવામાં આવે છે. દર વર્ષે એક વિષયમાં વિશિષ્ટ રીતે કામગીરી કરેલ શિક્ષકને પસંદ કરી તેમને આ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવે છે. ત્યારે વર્તમાન વર્ષે 'રમકડા દ્વારા શિક્ષણ' એ વિષય પર વિશેષ કામગીરી કરેલ મોરબી જીલ્લામાંથી વિજયભાઈ દલસાણીયાની પસંદગી થતા, ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ પરમ આદરણીય, સન્માનીય પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના હસ્તે 'સાંદીપનિ ગુરુ ગૌરવ' એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવેલ.તેમણે મોરબી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે તે બદલ સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

મોરબીના વિજયભાઈએ શિક્ષણ ક્ષેત્રમાં અનેક પ્રકારની કામગીરીઓ કરી છે. તેમણે શિક્ષણના દરેક ક્ષેત્રમાં વિવિધતાસભર કામ કર્યું છે. તેઓ બાળકોને રમકડા જેવા શૈક્ષણિક સાધનોની મદદથી આનંદમય અભિવ્યક્તિ દ્વારા બાળકોને શિક્ષણ આપવાનો પ્રયત્ન કરે છે. આ ક્ષેત્રમાં રમકડા મેળામાં તેમની કૃતિ 'ફરતી પેન્સિલ' નામનું રમકડું નેશનલ કક્ષાએ પસંદ થયું હતું.તેમના આ રમકડાનો ઉદ્દેશ રમકડા સસ્તા બનવાની સાથે બાળકો પૃથ્વી વિશેની માહિતી, સૂર્ય વિશેની માહિતી, રાત દિવસની માહિતી, ચુંબક વિશેની માહિતી ખૂબ જ આનંદમય રીતે સમજી જાય એ એનો મુખ્ય ઉદ્દેશ હતો. વિજયભાઈએ અત્યાર સુધીમાં ઘણા બધા એવોર્ડ પ્રાપ્ત થયા છે. તેમણે અત્યાર સુધીમાં બાળકોને ૯૦૦ જેટલી પ્રવૃત્તિઓ કરાવી છે. આ એક એવા શિક્ષક છે જેઓ કલર પણ જરૂર પડે તો જાતે કરી નાખે, પેન્ટિંગ પણ જાતે કરે, રજાના દિવસે પણ શાળાએ હોય વિજયભાઈને આ સન્માન પ્રાપ્ત થતાં તેમને ૫૬મુ સન્માન થવાનું બહુમાન પ્રાપ્ત થયું છે.આ તકે વિજયભાઈએ સાંદિપની વિદ્યા નિકેતન પોરબંદરનો અને સાથે આ વિશિષ્ટ કાર્યમાં મદદરૂપ થનાર તમામ શિક્ષકગણનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

# રાઘવજીભાઈ પટેલે જામનગર જિલ્લાના પડતર પ્રશ્નો અંગે પાણી પુરવઠા અને જેટકોના અધિકારીઓ સાથે બેઠક યોજી




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાજ્યના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલે કલેકટર કચેરીના સભાખંડ ખાતે પાણી પુરવઠા તથા જેટકોના અધિકારીઓ સાથે પડતર પ્રશ્નોના નિરાકરણ સંદર્ભે બેઠક યોજી હતી. બેઠકમાં મંત્રીએ શેખપાટ, દરેડ, સચાણા, દિગ્વિજય, રાવલસર, વિભાપર, વાવ બેરાજા સહિતના ગામોમાં પીવાના પાણીની પાઈપલાઈન મુકાવવી, ફુલઝર- ૧ ડેમમાંથી નિયમિત પાણીનું વિતરણ થાય, વીજ કનેક્શન આપવા અને ઓનલાઈન બિલ ભરવા માટે ક્યુઆર કોડની ફાળવણી, પીવાના પાણીની ઊંચી ટાંકીનું કામ, બોર મુકાવવા, પાણીની મોટર મુકાવવી તથા સંપ બનાવવા સહિતના કામો તાત્કાલિક ધોરણે પુર્ણ કરવા ઉપસ્થિત અધિકારીઓને જણાવ્યું હતું.

તેમજ ધ્રોલ તાલુકાના જાયવા, બીજલકા, જામનગર તાલુકાના ધ્રાંગડા ગામમાં નવા સબ સ્ટેશન બનાવવા, જામનગર શહેરના આજુબાજુના વિસ્તારો માટે નવા સબ સ્ટેશન બનાવવા, ઔદ્યોગિક વિસ્તારોમાં નવા સબ સ્ટેશન બનાવવા વિશે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ લોકોપયોગી કામો અંગત લક્ષ લઈને તાત્કાલિક રીતે પૂર્ણ કરવા કૃષિ મંત્રીએ જણાવ્યું હતું.

ઉક્ત સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેક્ટર બી.કે.પંડયા, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જામનગર મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર સહિત પાણી પુરવઠા અને જેટકો વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# લાલપુર તાલુકાના મોટી વેરાવળ ગામે બાળકોને ચાંદીપુરા વાયરસ વિશે જાગૃત કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**


જામનગર હાલમાં સમગ્ર રાજ્યમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસો સામે આવી રહ્યા છે. જેને પગલે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ વિવિધ તકેદારીના પગલા હાથ ધરવામાં આવી રહ્યા છે. ૧૪ વર્ષથી નાના બાળકોમાં તફક્ષમરહુ (રેતીની માખી) મારફત આ રોગચાળો ફેલાતો હોય તે વિશે બાળકોમાં જાગૃતિ લાવવી જરૂરી છે.તે હેતુથી



મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાયાની સુચના અનુસાર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા વિવિધ શાળાઓમાં બાળકોને ચાંદીપુરા વાયરસના લક્ષણો, તેનાથી બચવાના ઉપાયોની સમજ સરળ ભાષામાં મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે લાલપુર તાલુકાના મોટી વેરાવળ પ્રાથમિક શાળામાં ચાંદીપુરા રોગ વિશે બાળકોને જાગૃત કરવામાં આવ્યા હતા અને બાળકોને સ્વચ્છતા જાળવવા વિશે સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું હતું.કાર્યક્રમના સફળ આયોજન બદલ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના નીરજ મોદી, મોટી વેરાવળના આરોગ્ય કર્મચારી સંજય નંદા, આશા બહેન જોત્સના ખાખરીયા, મોટી વેરાવળ પ્રાથમિક શાળાના આચાર્ય અને શિક્ષકગણએ જહેમત ઉઠાવી હતી. તેમ આરોગ્ય શાખા, જામનગર જિલ્લા પંચાયતની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર જિલ્લાના 300 થી વધુ આરોગ્ય કર્મીઓ ચાંદીપુરા વાયરસ સામે લડવા થયા તાલીમબદ્ધ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો ફેલાવો અટકાવવા જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા જરૂરી તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ તથા ગુરુ ગોવિંદસિંઘ જનરલ હોસ્પિટલના આશરે 300 જેટલા આરોગ્ય કર્મીઓ તથા નિષ્ણાંતોને ચાંદીપુરાના રોગના લક્ષણો, તેને ફેલાતો અટકાવવા લેવાના થતા પગલાંઓ તથા સારવાર તેમજ અન્ય આનુસંગિક બાબતોથી વાકેફ કરાયા હતા તેમજ તે અંગેની જરૂરી તાલીમ ઉપસ્થિત નિષ્ણાતો દ્વારા આપવામાં આવી હતી. આ તાલીમમાં સંસ્થાના તજજ્ઞો, જછ, રેસીડેન્ટ ડોક્ટર તથા જામનગર, દેવભૂમિ દ્વારકા તથા જામનગર મહાનગરપાલિકાના મેડિકલ ઓફિસર તથા અન્ય સ્ટાફ ઉપસ્થિત રહેલ.

# અગ્નિકાંડ મામલે રાજકોટ મહાનગરપાલિકાને સુપરસીડ કરવા કોંગ્રેસે કરી માંગ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં ગત તા. ૨૫/૦૫/૨૦૨૪ ના રોજ સર્જાયેલા ભયાનક અગ્નિકાંડમાં બાળકો સહિત ૨૭ નિર્દોષ નાગરીકો આગમાં જીવતા ભુંજાઈને ભડથું થઈ ગયા હતા, દુર્ઘટના એવી ગોઝારી હતી કે મૃતકોની ઓળખ પણ થઈ શકી ન હતી. છેવટે ડીએનએ ટેસ્ટ કરીને ઓળખ મેળવી મૃતદેહો પરિવારજનોને સોંપાયા હતા. અગ્નિકાંડને આગામી તા. ૨૫ જુલાઈએ બે મહિના પૂર્ણ થશે છતા મૃતકો–પિડીતોના પરિવારને આજ દિવસ સુધી ન્યાય મળ્યો નથી. હાલ સુધીમાં ફકત અધિકારીઓની બદલી, સસ્પેન્ડ તેમજ ધરપકડ જેવી ધોરણસરની કાર્યવાહીઓ થઈ છે પરંતુ તમામ કાર્યવાહી ફકત અધિકારીઓ અને ઈજનેરો સામે જ થઈ છે. અગ્નિકાંડ માટેની મુખ્ય જવાબદારી તો મ્યુનિસિપલ કોર્પોરેશનની જ થાય આથી સ્પષ્ટ રીતે પદાધિકારીઓ પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જવાબદાર ગણાય જ. અગ્નિકાંડ મામલે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને સુપરસીડ કરવામાં આવે તેવી કોંગ્રેસની માંગણી કરી છે.

# NEET પરીક્ષામાં RK universityના કેન્દ્રમાં થયેલ કૌભાંડમાં સીબીઆઈ તપાસની માંગ કરતી એનએસયુઆઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



(તસ્વીરઃ આનંદ જાવિયા)

૪ જૂનના રોજ ગઝઅ દ્વારા NEET- 2024 ની પરીક્ષાનું રિઝલ્ટ બહાર પાડવામાં આવ્યું તેની સામે લગભગ ૩૦ થી વધારે લોકોએ સુપ્રીમ કોર્ટમાં વિરોધ દર્શાવતી PIL ફાઈલ કરવામાં આવી, આ પીટીસીન ને ધ્યાનમાં લઈ સુપ્રીમ કોર્ટે આઠ જુલાઈએ તેને સુનાવણી હાથ ધરવામાં આવી ૮ જુલાઈ કેન્દ્ર સરકાર અને NTA ને સુપ્રીમ કોર્ટ દ્વારા જણાવવામાં આવ્યું કે આપ આપના રીઝલ્ટ નું ડેટા એનાલિસિસ કરાવો જેને નવ તારીખે અને ૧૦ તારીખે એક જ દિવસમાં IIT મદ્રાસ દ્વારા ડેટા એનાલિસિસ કરવામાં આવી.

સુપ્રીમ કોર્ટના સૂચના દ્વારા IT મદ્રાસે એનટીએ અને નીટનું ડેટા એનાલિસિસ કરવામાં આવ્યું જેમાં ૨૩ લાખ વિદ્યાર્થીઓમાંથી શરૂઆતના જે ૬૦૦૦૦ ટોપ રેન્કર વિદ્યાર્થીઓ છે એનું ડેટા એનાલિસ્ટ કર્યું અને ૯૦ હજાર વિદ્યાર્થીઓ એટલે કે જે લોકોને ૭૨૦ માર્ક માંથી ૬૧૮ માર્ક આવેલા છે એ આ શરૂઆતના ૬૦,૦૦૦ વિદ્યાર્થીઓમાં આ યાદીમાં છે, એટલે ગઝઅ અને નીટના ટોપ રેન્કરે ૬૦ હજાર વિદ્યાર્થીઓ છે એમાં જે લોકોના સમગ્ર ભારતમાં ૬૧૮ માર્ક આવેલા છે તે તમામ વિદ્યાર્થીઓ આવી જાય છે.

આ ડેટા એનાલિસિસમાં એવું બહાર આવ્યું કે ભારત આખામાં સમગ્ર દેશમાંથી શરૂઆતના જે ૬૦૦૦૦ વિદ્યાર્થીઓ છે કે જેને ૭૨૦ માંથી ૬૧૮ માર્ક મેળવેલા છે આવા વિદ્યાર્થીઓ કુલ ૬૦ હજારની આસપાસ જે શરૂઆતના વિદ્યાર્થીઓ છે તેનું ડેટા એનાલિસિસ કરવામાં આવ્યું અને સેન્ટર વાઈઝ તેના ડેટા રજૂ કરવામાં આવ્યા જેમાં રાજકોટ સેન્ટરમાં આ શરૂઆતના ટોપ રેન્ક વાળા ૬૦,૦૦૦ વિદ્યાર્થીઓમાંથી ૧૯૦ વિદ્યાર્થી આવેલા છે તેવું જણાવવામાં આવ્યું પણ વાસ્તવિકતાથી કઈક અલગ છે

રાજકોટ શહેર અને જિલ્લાની તમામ નિશાળો રાજકોટ સેન્ટરમાં લગભગ તમામ સ્કૂલોના રીઝલ્ટ નું ડેટા એવું લાગે છે કે લગભગ ૪૦૦ થી વધારે વિદ્યાર્થીઓ ના ૬૧૮ થી વધુ માર્ક આવેલા છે એટલે NTA અને કેન્દ્ર સરકાર દ્વારા IIT MADRAS કરેલો એનાલિસિસ તદ્દન ખોટો અને ફેક છે એટલે આ લોકોએ આ એક સેન્ટર રાજકોટ સેન્ટરનો જે ડિટેલ છે

એની ઉપરથી એવું લાગે છે કે રાજકોટમાં જ આવું ભૂલ નથી અથવા ખોટું નથી પણ સમગ્ર દેશના અલગ અલગ સેન્ટરોમાં IIT મદ્રાસ દ્વારા આવા ખોટા ડેટા એનાલિસિસ રજૂ કરી અને કેન્દ્ર સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટને ગેરમાર્ગે અને ગુમરાહ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે એટલે આ જે વાસ્તવિકતા છે કે રાજકોટ સેન્ટર એક માધ્યમ છે પણ સમગ્ર દેશના અલગ અલગ સેન્ટરોના જે ડેટા છે એ તદ્દન ખોટા રજૂ કરી અને કેન્દ્ર સરકાર નીટ અને NTA એનો અને NEET-2024 ની પરીક્ષાનું દુધે ધોયેલી છે અથવા ક્યાંય કંઈજ ખોટું થયેલ નથી એવું સાબિત કરવા માંગે છે

ત્યારબાદ અંદાજે ત્રણ દિવસ પહેલા, NEET-UG કેસમાં, CJI DY ચંદ્રચુડે NT અને NEET પરિણામો શહેર અને કેન્દ્ર મુજબ ૨૦મી જુલાઈ સુધીમાં અપલોડ કરવાનો આદેશ આપ્યો હતો.

# સૂર્યમુખી હનુમાનજી મંદિરે ગુરૂપૂર્ણિમાની ભાવસભર ઉજવણી



શહેરના વિજય પ્લોટ શેરી નં.૧૧, ગૌંડલ રોડ પર આવેલા શ્રી સૂર્યમુખી હનુમાનજી મંદિરે ગઈકાલે ગુરૂપૂર્ણિમાની આસ્થાભેર ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે મહાઆરતી સાથે સાંજે મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં હજારો ભાવિકોએ ભાગ લીધો હતો.

# શહેરની હવેલી, મંદિર અને આશ્રમોમાં ગુરૂપૂર્ણિમાની આસ્થાભેર ઉજવણી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગઈકાલે રાજકોટ સહિત સમગ્ર દેશમાં ગુરૂપૂર્ણિમાની ભાવભેર ઉજવણી કરાઈ હતી. શહેરના અનેક મંદિરો, આશ્રમો અને હવેલીમાં જુદા જુદા કાર્યક્રમો સાથે આ પવિત્ર દિનની ઉજવણી ભકતજનો દ્વારા કરવામાં આવી હતી. કુવાડવા રોડ પર આવેલ રણછોડદાસબાપુ આશ્રમે સવારથી જ ભાવિકોનો પ્રવાહ શરૂ થયો હતો.

# ધરારનગરમાં પ્રૌઢા અને વિનાયક સોસાયટીમાં વૃધ્ધાનો આપઘાતનો પ્રયાસ

## માંડા ડુંગર પાસે યુવાને ઝેરી દવા પી લેતા સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં માર્કેટ યાર્ડ પાસે આવેલ ધરારનગર સોસાયટીમાં રહેતા પ્રૌઢા અને મવડી વિસ્તારમાં આવેલ વિનાયક સોસાયટીમાં રહેતા વૃદ્ધાએ બીમારીથી કંટાળી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પ્રૌઢા અને વૃદ્ધાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસિપટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ અંગેની માહિતી મુજબ માર્કેટ યાર્ડ પાસે આવેલી ધરારનગર સોસાયટીમાં રહેતા લતાબેન કિશોરભાઈ બેલડીયા નામના ૫૦ વર્ષના પ્રૌઢાએ બીમારીથી કંટાળી વધુ પડતી બીમારીની દવા ખાઈ લીધી હતી. જ્યારે મવડી મેઈન રોડ ઉપર આવેલી વિનાયક સોસાયટીમાં રહેતા શારદાબેન પરસોતમભાઈ જોટાણીયા નામના ૭૦ વર્ષના વૃદ્ધાએ પણ બીમારીથી કંટાળી એસિડ પી લીધું હતું. બીમારીથી કંટાળી આપઘાતનો પ્રયાસ કરનાર પ્રૌઢા અને વૃદ્ધાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત અન્ય બનાવમાં માંડા ડુંગર વિસ્તારમાં રહેતા સુરેશ હરિભાઈ મકવાણા નામનો ૩૫ વર્ષનો યુવાન બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો ત્યારે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ઈન્ટરવેન્શનલ રેડિયોલોજીની "GUJ IR 2024" નેશનલ મેડિકલ કોન્ફરન્સનું આયોજન કરાયું

## રાજકોટમાં રેજન્સી લગૂન ખાતે ૨૦ અને ૨૧ જુલાઈના કોન્ફરન્સ યોજાઈઃ અઢીસોથી વધુ ડોકટરોએ ભાગ લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**




(તસ્વીરઃ આનંદ જાવિયા)

આપણા રંગીલા શહેર રાજકોટમાં રેજન્સી લગૂન ખાતે ૨૦ અને ૨૧ જુલાઈના રોજ ઈન્ટરવેન્શનલ રેડિયોલોજીની GUJ IR 2024 નામની નેશનલ મેડિકલ કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. આ મહત્વના કાર્યક્રમને અનુલક્ષીને ઈન્ટરવેન્શનલ રેડિયોલોજીના મૂળભૂત પાસાઓ અને પેશન્ટકેર પર તેની ઊંડી અસર અને પ્રકાશ પાડવા માટે એક ખાસ પ્રેસ કોન્ફરન્સનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ઈન્ટરવેન્શનલ રેડિયોલોજી અંગે ડો.વિકાસ જૈન (સીનિયર કન્સલ્ટન્ટ - ઈન્ટરવેન્શનલ રેડિયોલોજીસ્ટ, વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ) એ માહિતી આપી હતી. ઉલ્લેખનીય છે કે ડો. વિકાસ જૈન સૌરાષ્ટ્ર અને કચ્છના સર્વપ્રથમ ડીએમની સુપર સ્પેશિયાલિસ્ટ ડિગ્રી ધરાવતા ઈન્ટરવેન્શનલ રેડિયોલોજીસ્ટ છે. તેઓ છેલ્લા ૧૧ વર્ષથી વોકહાર્ટ હોસ્પિટલ્સમાં કાર્યરત છે અને સૌરાષ્ટ્ર અને કચ્છના દર્દીઓને સારવાર આપી રહ્યા છે. આ ઈવેન્ટે ક્ષેત્રની વ્યાપક ઝાંખી પૂરી પાડે છે જે તેના મહત્વ અને અસંખ્ય પ્રક્રિયાઓને પ્રકાશિત કરે છે અને જે તબીબી સારવારમાં ક્રાંતિ લાવી રહી છે. ભારતની બહુ ઓછી હોસ્પિટલોમાં IR (ઈન્ટરવેન્શનલ રેડિયોલોજી)ની સુવિધા છે અને રાજકોટ નસીબદાર છે કે ડો. વિકાસ જૈનના નેતૃત્વ હેઠળ વોકહાર્ટ હોસ્પિટલમાં આ વિશ્વ કક્ષાની સુવિધા ઉપલબ્ધ છે.ઈન્ટરવેન્શનલ રેડિયોલોજી (IR) ની મદદથી સ્ટ્રોક, આંતરિક રક્તસ્રાવ, બ્રેઇન હેમરેજ અને મગજને લગતી જટિલ શસ્ત્રક્રિયાઓ નોંધપાત્ર રીતે સરળતા સાથે કરી શકાય છે.

ઈન્ટરવેન્શનલ રેડિયોલોજીની વાત કરીયે તો શરૂઆત વર્ષ ૧૯૬૪માં થઇ હતી. ઈન્ટરનેશનલ રેડિયોલોજીમાં બીમારીઓની કોઈપણ જાતના મોટા ચીરા કે ટાંકા લીધા વગર સારવાર કરવામાં આવે છે. નાના સાધનો જેવા કે કેથેટર, માઇક્રો કેથેટર, માઈક્રો વાયર, ઝીણી સોય, કોઇલ્સ, સ્ટેન્ટનો ઉપયોગ કરીને શરીરના ચોક્કસ અવયવોની સારવાર કરવામાં આવે છે, મોટાભાગની આ સારવાર પગની રગથી કરવામાં આવે છે, જેમાં દર્દીને બેભાન કર્યા વગર ફક્ત લોકલ એનેસ્થેસિયા આપીને સારવાર કરવામાં આવે છે. આ બધી જ સારવાર મોટેભાગે ટ્રેડિશનલ સર્જરી કરતા ઝડપી, ઓછા દુખાવામાં અને કોઈપણ જાતના ડાઘા વગર રિકવરી આપે છે. મોટેભાગે દર્દીને એક જ દિવસ હોસ્પિટલમાં રોકાવું પડે છે.

ડો. વિકાસ જૈન (સીનિયર કન્સલ્ટન્ટ - ઈન્ટરવેન્શનલ રેડીયોલોજીસ્ટ, વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ) એ આધુનિક મેડિકલ પ્રેક્ટિસમાં ઈન્ટરવેન્શનલ રેડિયોલોજીની પરિવર્તનશીલ ક્ષમતા પર ભાર મૂક્યો હતો. ઇન્ટરવેન્શન રેડિયોલોજી તબીબી ઇનોવેશનમાં મોખરે છે, જે દર્દીઓને અત્યંત અસરકારક મિનિમલી ઇનવેઝીવ સારવાર પૂરી પાડે છે. તેમણે જણાવ્યું હતું કે, ‘‘રાજકોટમાં ૨૦ અને ૨૧મી જૂલાઇ દરમિયાન ઇન્ટરવેન્શન રેડિયોલોજી કોન્ફરન્સના પ્રભાવથી ગ્રાઉન્ડબ્રેકિંગ તકનીકોનું વધુ અન્વેષણ કરાયું. નવીનતમ સંશોધન, તકનીકી પ્રગતિ અને ક્લિનિકલ એપ્લિકેશન પણ રજૂ કરાયા હતા. આ ઈવેન્ટ એ નોલેજ એક્સચેન્જ માટેના પ્લેટફોર્મ તરીકે સેવા આપી હતી અને દર્દીના પરિણામોમાં સુધારો કરવાનો ચાલુ રાખવા માટે હેલ્થ કેર પ્રોફેશનલ વચ્ચે સહયોગને પણ પ્રોત્સાહન અપાયું હતું.’’

ડો. મનીષ અગ્રવાલ, સેન્ટર હેડ, વોકહાર્ટ હોસ્પિટલ એ જણાવ્યું હતું કે, ‘‘જેમ જેમ ઈન્ટરવેશનલ રેડિયોલોજીનો વિકાસ થતો જાય છે તેમ પેશન્ટ કેરમાં તેની ભૂમિકા વધુને વધુ મહત્વપૂર્ણ બની જાય છે. ચોકસાઈ, નવીનતા અને દર્દી કેન્દ્રિત છે.અભિગમો પર તેના ધ્યાન સાથે IR હેલ્થકેરના ભવિષ્યને આકાર આપવા માટે તૈયાર છે. તે વિશ્વભરમાં અસંખ્ય દર્દીઓને આશા અને ઉપચાર પ્રદાન કરે છે. વોકહાર્ટ હોસ્પિટલ્સ હંમેશાથી દર્દીઓની સારવારમાં અગ્રેસર રહી છે અને આ પ્રકારના કાર્યક્રમો રાજકોટ સહીત ગુજરાતભરમાં હેલ્થ ક્ષેત્રે વધુ ક્રાંતિ લાવશે.

# મોરબીના રામધન આશ્રમે ગુરુપૂર્ણિમા મહાપર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના મહેન્દ્રનગર ખાતે આવેલ રામધન આશ્રમે ગુરુપૂર્ણિમા ઉત્સવની ભાવભરી રીતે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

મોરબીના રામધન આશ્રમ ખાતે મહંત પૂજ્ય ભાવેશ્વરી માઁ ના સાનિધ્યમાં ગુરુ પૂર્ણિમા ઉત્સવ ધસમધુમપૂર્વક ઉજવાયો હતો. ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે વ્યાસ પૂજન, પોથી પૂજન, કુમારિકા ભોજન, ભક્તો માટે મહાપ્રસાદ તેમજ વિદુષી રતનેશ્વરી દેવીનો સત્સંગ જેવા ધાર્મિક કાર્યો થકી ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. તેમજ મહાવિદુષી એવા રતનેશ્વરી દેવીમાઁ દ્વારા કાલિકાનગરના બાળકોને પ્રસાદ તથા પાણીની બોટલ તેમજ કંપાસ અર્પણ કર્યા હતા.



ગુરુપૂર્ણિમાના મહાપર્વ પ્રસંગે મોરબી-માળીયાના ધરાસસભ્ય કાંતિભાઈ અમૃતિયા, જ્યોતિસિંહ જાડેજા, સુરેશભાઈ સીરોયા, મનસુખભાઇ, રમેશભાઈ કાલરીયા, રામજીભાઈ, ગીરીશભાઈ ઘેલાણી સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી ગુરુચરણ વંદના કરી ગુરુના રૂડા આશીર્વાદ મેળવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા દિલીપભાઈ, ત્રિભોવનભાઈ, દેવકરણભાઈ, દલસુખભાઈ, રાજુભાઇ, જગદીશભાઈ, ખીમજીબાપા સહિતના સ્વયંસેવકોએ યથાર્થ જહેમત ઉઠાવી હતી.

# હળવદ પોલીસે બ્રાહ્મણી ડેમ-૧ સિંચાઈ ઓફિસના બાથરૂમની છત ઉપરથી દારૂ-બિયરનો જથ્થો પકડી પાડ્યો

## પોલીસે વિદેશી દારૂ-બિયરની ૨૫૮ બોટલ કબ્જે કરી,આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ પોલીસ ટીમે બાતમીને આધારે જુના દેવળીયા ગામે બ્રાહ્મણી ડેમ-૧ની સિંચાઈ ઓફિસમાં દરોડો પાડતા ઓફિસના બાથરૂમની છત ઉપરથી વિદેશી દારૂની ૭૨ બોટલ તેમજ બિયરના ૧૮૬ ટીન મળી આવ્યા હતા, આ સાથે વિદેશી દારૂનો જથ્થો રાખનાર આરોપી એવા જુના દેવળીયા ગામના ઇસમની શોધખોળ શરૂ કરી છે.

હળવદ પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફના એ.એસ.આઈ અજીતસિંહ.એન.સીસોદીયા તથા સાથેના પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કોન્સ. હરવિજયસિંહ કીરીટસિંહ ઝાલા તથા ગંભીરસિંહ વાઘજીભાઈ ચૌહાણને મળેલ બાતમીને આધારે હળવદના જુના દેવળીયા ગામે બ્રાહ્મણી ડેમ-૧ની ઈરીગેશનની ઓફીસમાં રેઇડ કરી હતી. રેઇડ દરમિયાન ઓફિસના બાથરૂમના ધાબા ઉપરથી વિદેશી દારૂની ગ્રીનલેબલ વ્હિસ્કીની ૭૨ બોટલ કિ.રૂ.૨૫,૨૦૦/-તથા બિયરની જુદી જુદી બે બ્રાન્ડના કુલ ૧૮૬ નંગ ટીન કિ.રૂ.૧૮,૬૦૦/-એમ કુલ કિ.રૂ.૪૩૮૦૦/- નો મુદામાલ મળી આવેલ હતો. જ્યારે રેઇડ દરમિયાન આરોપી રાજુભાઈ કિશોરભાઈ દેગામા રહે.જુના દેવળીયા તા.હળવદ સ્થળ ઉપર હાજર મળી આવેલ ન હોય જેથી તેને ફરાર જાહેર કરી આરોપી વિરૂદ્ધ પ્રોહીબીશન એકટ મુજબનો ગુન્હો રજી. કરી તેને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જાહેરનામાનો ભંગ કરી આજી ડેમમાં સાત શખ્સો ન્હાવા પડતા પોલીસે અટકાયત કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર બ્રેજેશકુમાર ઝા દ્વારા રાજકોટ શહેરમાં જુદી-જુદી જગ્યાઓએ નદી, તળાવો, નહેર વિગેરે ભયજનક સ્થળોએ કોઈ પણ વ્યક્તિઓ કે પ્રવાસીઓને જળાશયોમાં પ્રવેશવુ નહી તેવુ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. એડિ.સી.પી. મહેન્દ્ર બગરીયા, નાયબ પોલીસ કમિશ્નર ડો.પાર્થરાજસિંહ ગોહીલ, નાયબ પોલીસ કમિશ્નર સજનસિંહ પરમાર અને મદદનીશ પોલીસ કમિશ્નર બી.વી. જાદવએ જાહેરનામાનો અસરકારક અમલ કરવા આપેલી સુચનામાં પગલે આજીડેમ પોલીસ મથકના ઇન્ચાર્જ પીઆઇ



એમ.એમ. સરવૈયાના માર્ગદર્શનમાં આજીડેમ પોલીસ સ્ટેશનની અલગ અલગ ટીમો બનાવી ઊંડા જળાશયોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. તે દરમિયાન આજીડે મના ઉંડા જળાશયમાં ભયજનક રીતે નહાવા પડેલા પ્રવિણ વિજયભાઈ ચાવડા (રહે.કોઠારીયા સોલ્વન્ટ હાઉસીંગ બોર્ડ કવાર્ટર રાજકોટ), કલ્પેશ હેમંતભાઇ બારૈયા (રહે. માંડાડુંગર મહાકાળી મંદિર વાળી શેરી રાજકોટ), ભાવેશ પ્રતાપભાઈ ચૌહાણ (રહે.કોઠારીયા સોલ્વન્ટ હાઉસીંગ બોર્ડ કવાર્ટર રાજકોટ), ધર્મેશભાઇ દલસુખભાઈ યાદવ (રહે. કોઠારીયા-સોલ્વન્ટ હાઉસીંગ બોર્ડ કવાર્ટર રાજકોટ), વિજય દેવજીભાઇચાવડા (રહે. કોઠારીયા સોલ્વન્ટ હાઉસીંગ બોર્ડ કવાર્ટર રાજકોટ), રાકેશભાઈ ટીડાભાઈ વાઘેલા (રહે. પરમેશ્વર શેરી નં.૦૨ રાજકોટ) અને મુકેશભાઇ કાંતીભાઈ વાઘેલા (રહે.શીતળા ધાર શેરી નં.૦૩ રાજકોટ)ને ઝડપી લેવામાં આવ્યા હતા. સાતેય આરોપીઓ વિરુદ્ધ જાહેરનામા ભાંગનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો.

# સામા કાંઠે દૂધસાગર રોડ પર મહિલાના ગળામાંથી સોનાના ચેનની ચીલ ઝડપ કરનાર બાળ આરોપી ઝડપાયો

## ભગવતીપરા મેઈન રોડ પર ચોરાઉ રીક્ષા સાથે નીકળતા ન્યારા ગામના શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામા કાંઠે આવેલા દૂધસાગર રોડ પર મહિલાના ગળામાંથી સોનાના ચેન ની ઝડપ કરનાર બાળ આરોપીને ડીસીપી જોન વન એલસીબી ની ટીમે દબોચી લઈ રૂપિયા ૯૬ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.



અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન વન એલસીબી ટીમના પીએસઆઇ બીવી બોરીસાગર ની સૂચનાથી હેડ કોન્સ્ટેબલ વિજેન્દ્રસિંહ તથા તથા હિતેશભાઈ તથા સત્યજીતસિંહ અને રવિરાજભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન પંદર દિવસ પહેલા થોરાળા વિસ્તારમાં આવેલ દૂધસાગર રોડ પર એક બાળ આરોપીને ચોરવ બાઈક સાથે ઝડપી લઇ આખરી પૂછપર જ કરતા આ શકશે અગાઉ દૂધસાગર રોડ પર એક મહિલાના ગળામાંથી સોનાના ચેન ની ચીલ ઝડપ કરી હોવાની કબૂલાત આપતા પોલીસે સોનાનો ચેન અને બાઈક સહિત ₹૯૬,૦૦૦ ના મુદ્દા માલ કબજે કરી બાળ આરોપી વિરોધ ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


જ્યારે અન્ય એક બનાવમાં ડીસીપી જોન વન એલસીબી ટીમના કોન્સ્ટેબલ રવિરાજભાઈ તથા દિવ્યરાજ સિંહ સહિત સહિતનો સ્ટાફ ભગવતી પરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે એક શખ રિક્ષા નંબર લષ ૩ એ ઝેડ ૩૪ ૧૩ નંબરની લઈ શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી રીક્ષાના કાગળ અંગે પૂછપરછ કરતા આ રીક્ષા ચોર હોવાનું માલુ પડતા પોલીસે રિક્ષાચાલક અનવર ઈબ્રાહીમ નાઈ રહે ન્યારા ગામ તાલુકો પડધરી ની ધરપકડ કરી ₹૩૦,૦૦૦ ની કિંમતની જોરાવર રીક્ષા કબજે કરી હતી

# હીરાસર એરપોર્ટ પાસે ટ્રકની ઠોકરે બાઈક સવાર પ્રૌઢનું કરૂણ મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હિરાસર એરપોર્ટ પાસે રામપર ગામ નજીક હિટ એન રનની ઘટના બની હતી. જેમાં બાઈક લઈને આવતા પ્રૌઢને પુરપાટ દોડી આવતા ટ્રકના ચાલકને ઠોકર મારતા તેઓ માર્ગ પર પટકાયા હતા અને તેના પર ટ્રકનું ટાયર ફરી વળતાં પ્રૌઢનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે આ મામલે પોલીસે અકસ્માત સર્જી નાશી છૂટેલા ટ્રકના ચાલકની શોધખોળ હાથધરી છે.

રાજકોટમાં રૈયા રોડ પર રામેશ્વર પાર્કમાં રહેતા રમેશભાઈ બચુભાઈ ત્રિવેદી નામના ૫૮ વર્ષીય પ્રૌઢ ગઇકાલ સવારના સમયે હીરાસર એરપોર્ટ નજીક રામપર ગામ નજીકથી પોતાનું જીજે.૦૩.જેકે.૬૫૯૪ નંબરનું બાઇક લઈને રાજકોટ તરફ આવી રહ્યા હતા. ત્યારે તેમની પાછળ પુરપાટ ઝડપે દોડી આવતા ટ્રકના ચાલકે ઠોકર મારતા તેઓ બાઇક પરથી નીચે પટકાયા હતા. અને ટ્રક તેમની માથે ફરી વળ્યો હતો. જેથી તેમનું ઘટના સ્થળે જ કમકમાટી



ભર્યું મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ એરપોર્ટ પોલીસને થતાં સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અને પ્રૌઢના મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો.અને અકસ્માત સર્જી નાશી છૂટેલા ટ્રક ચાલકની ઓળખ મેળવી તેની શોધખોળ હાથધરી છે.

# રાજકોટના ચકચારી તોડકાંડમાં સસ્પેન્ડ થયેલા પૂર્વ પીઆઈ અને પીએસઆઈને સવા બે વર્ષ બાદ પોસ્ટીંગ અપાયું

## પીઆઈ ગઢવીને ડાંગ અને પીએસઆઈ સાખડાને વડોદરા મુકવામાં આવ્યાઃ સુરત સસ્પેન્ડ થયેલા પીઆઈ રાવલને અમરેલી તથા અમદાવાદના પીઆઈ રાજવીને દ્વારકા પોસ્ટીંગ અપાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ચકચારી 'તોડકાંડ'ને કારણે સસ્પેન્ડ થયેલા ક્રાઈમ બ્રાન્ચના તત્કાલિન પીઆઈ વી.કે.ગઢવી તેમજ પીએસઆઈ એસ. વી.સાખરા પરથી આખરે સવા બે વર્ષે સસ્પેન્શન હટ્યું છે. આ બન્ને ઉપરાંત અન્ય બે પીઆઈને ફરીથી પોસ્ટીંગ આપવાનો હુકમ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા કરવામાં આવ્યો છે. પીઆઈ વી.કે.ગઢવીને ડાંગ જિલ્લામાં મુકવામાં આવ્યો છે. 'તોડકાંડ'ને કારણે બદલી થયા બાદ તેમની બદલી વડોદરા




પોલીસ ટ્રેનિંગ સેન્ટર ખાતે કરવામાં આવી હતી અને ત્યાંથી તેમને સસ્પેન્ડ કરાયા હતા. જયારે પીએસઆઈ એસ.વી.સાખરાને અમદાવાદ કંટ્રોલ રૂમમાં મુકાયા બાદ તેમને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. એકંદરે આ બન્ને છેલ્લા સવા બે વર્ષથી સસ્પેન્શન પીરિયડ ભોગવી રહ્યા હતા. દરમિયાન ડીજીપી દ્વારા બન્ને ઉપર લાગેલું સસ્પેન્શન હટાવીને પીઆઈ વી.કે.ગઢવીને ડાંગ રાજકોટ એસઓજીના પૂર્વ પીઆઈ અને સુરત ખાતે ફરજ દરમિયાન સસ્પેન્ડ થયેલા આર.વાય.રાવલને અમરેલી તેમજ અમદાવાદના પીઆઈ કે.બી.રાજવીને દ્વારકા પોસ્ટીંગ અને પીએસઆઈ એસ.વી.સાખરાને વડોદરા મુકવાનો હુકમ કર્યો છે.

આ જ રીતે રાજકોટ એસઓજીમાં ફરજ બજાવી ચૂકેલા અને સુરત ખાતે પોસ્ટીંગ થયા પીઆઈ કે,બી.રાજવી બાદ ફરજ દરમિયાન સસ્પેન્ડ થયેલા આર.વાય. રાયલને અમરેલી તેમજ અમરેલીના પીઆઈ કે.બી.રાજવીને દેવભૂમિ દ્વારકા ખાતે પોસ્ટીંગ આપવામાં આવ્યું છે.

# રૂા.૧૪.૯૦ લાખનું એમ.ડી. ડ્રગ્સ રાજકોટ પહોંચે તે પહેલાં ખેડા પોલીસે ઝડપી લીધુ

## એમ.પી.થી પરપ્રાંતિય શખ્સ ડ્રગ્સનો જથ્થો લઈ ડીલીવરી આવતા આવતા ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી મળી આવતા ચરસની ઘટના ભાદ ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ રાજ્યભરની પોલીસને ડ્રગ્સ મામલે સતર્ક રહેવા સુચના આપી છે. આ ઉપરાંત ડ્રગ્સના વ્યવસાય સાથે સંકડાયેલા તત્વો પર તુટી પડવા આદેશો આપ્યા છે. ત્યારે ખેડા પોલીસ હેઠળ આવતા સેવાલીયા પોલીસ મથકનો કાફલો ચેકીંગમાં હતો ત્યારે એક પરપ્રાંતિય શખ્સને શંકાસ્પદ હાલતમાં ઝડપી લઈ તલાશી લેતા તેના કબ્જામાંથી ૧.૪૯ કિ.ગ્રા. મેફેડ્રોન ડ્રગ્સ કિંમત રૂપિયા ૧૪.૯૦ લાખનું મળી આવતા આ શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. પુછપરછમાં પરપ્રાંતિય શખ્સે આ જથ્થો મધ્યપ્રદેશથી લાવ્યો હોવાનું અને રાજકોટના શખ્સને પહોંચાડવાનો હોવાનું જણાવતા તે શખ્સો સામે પણ ગુનો દાખલ કરી ખેડા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



સેવાલીયા પોલીસે ઈસમને કોર્ડન કરી પુછપરછ આદરી હતી. સૌપ્રથમ નામઠામ પુછતા આ ઇસમે પોતાનું નામ ગોપાલ નથુલાલ મહેર (રહે.દુધાલીયા, ઝાલાવાર, રાજસ્થાન હોવાનું જણાવ્યું હતું. આ સાથે આ ગોપાલ મહેરને પોલીસ જામા સાથે સેવાલીયા પોલીસ મથકે લાવેલી બેગમાંથી ૧૪૯ કિલો ગ્રામ ડ્રગ્સ નીકળ્યુ, જેની કુલ કિંમત રૂપિયા ૧૪ લાખ ૯૦ હજાર થાય છે. આ સાથે પકડાયેલા ૬ ઈસમ પાસેથી મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી પોલીસે કુલ ૧૪ લાખ ૯૭ હજાર ૭૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આ ડ્રગ્સ કોને આપ્યું અને ક્યા લઈ જવાતું હતું તે દિશામાં તપાસ હાથ ઘરી હતી. જેમાં ઉપરોક્ત ડ્રગ્સનો જથ્થો મધ્યપ્રદેશના શ્યામગઢના સુવાસરા ખાતે રહેતા કૈલાશ ઉર્ફે માસી મહેરે આપ્યો હતો અને આ જથ્થો રાજકોટ ખાતે રહેતા અલ્પેશ રમેશ તન્નાને રાજકોટ ખાતે પહોંચાડવાનો હોવાની કબૂલાત કરી છે. પોલીસે પકડાયેલા એક ઇસમ અને નામ ખુલેલા બે ઈસમો મળી કુલ ૩ સામે નાર્કોટિક્સ ડ્રગ્સ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એફએસએલ દ્વારા સેમ્પલ લેવાયા છે, જેના રિપોર્ટ બાદ ડ્રગ્સ અંગે મોટો ખુલાસો થશે. આ ઈસમ અહીંયા સેવાલીયા બસ સ્ટેન્ડ નજીક ચા પીવા ઉભો રહેતા પોલીસના હાથે પકડાઈ ગયો હોવાનું તપાસ અધિકારીએ જણાવ્યું છે.

# કચ્છની જેલમાં કુખ્યાત અપરાધીઓ દારૂની મહેફીલ માણતા રંગે હાથ ઝડપાયા

## રેન્જ આઈજી કોરડિયા,એસપી બાગમારની સૂચનાથી LCB-SOGએ મધ્યરાત્રિએ સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યુ

**મુખ્ય સમાચાર, ગાંધીધામ**

ખુલ્લેઆમ ગુના આચરતા તત્વોને પાઠ ભણાવવા માટે સજારૂપી જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવે છે. જેના આકરા નિયમોથી થકી ગુનેગાર ગુનાહિત રસ્તો છોડી સારા કાર્ય પાછળ દોડતો થઈ જાય છે. પરંતુ અમુક જેલ એવી છે કે, ત્યાં કુખ્યાત ગુનેગારોને ચીકન, મટન, મદીરા સહિતની સવલતો પુરી પાડવામાં આવે છે. આવુ જ કંઈક ગાંધીધામના ગળપાદર જેલમાં બનવા પામ્યું છે. આ જેલમાં નામચીન બુટલેગર કુખ્યાત હત્યારાઓ સહિતના આરોપીઓ

અંદર હોય અને તેઓ દ્વારા જેલર સાથે મીલીભગત કરી કાયમી પાર્ટી ઓ માણવામાં આવતી હોવાની માહિતી જિલ્લા પોલીસવડાને મળતા તેમની સુચનાથી એલસીબી, એસઓજી સ્થાનિક પોલીસ સહિતના કાફલાએ શનિવારની મધ્યરાત્રીએ દરોડો પાડયો હતો. ત્યારે આ કુખ્યાત



અપરાધીઓ દારૂની મહેફીલ માણતા ઝડપાઈ ગયા હતા. પોલીસે દારૂ ઉપરાંત ૫૦ હજારની રોકડ, ૪ મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ દરોડા દરમિયાન જેલમાં દારૂની મહેફિલ માણતાં પકડાયેલાં કાચા કામના ૬ કેદીઓમાં ભચાઉના રીઢા બૂટલેગર અને પોલીસ પર હુમલા કેસમાં સંડોવાયેલ યુવરાજસિંહ જાડેજા, ગાંધીધામનો રીઢો બુટલેગર મનોજ ઊર્ફે પકાડો માતંગ, રોહિત ગરવા, શિવભદ્રસિંહ જાડેજા, ગોવિંદ મહેશ્વરી અને રોહિતસંગ ઠાકોરનો સમાવેશ થાય છે. જ્યારે બુટલેગર યુવરાજસિંહ જાડેજા, ભાનુશાળી મર્ડર કેસનો આરોપી સુરજીત પરદેશી, જામનગરના વકિલ ખુનકેસના રજાક ઉર્ફે સોપારી ચાવડા, હિતેન્દ્રસિંહ ઝાલા પાસે ૪ મોબાઈલ મળી આવ્યા છે. પોલીસે ૯ આરોપીઓ સામે વિવિધ કલમો તળે ગુનો દાખલ કર્યો છે. હાઈ સિક્યોરિટી ભૈરેકની છત પરથી રોકડા પચાસ હજાર મળી આવ્યા છે. પોલીસે કુલ ૦૧ લાખ ૪૦ હજાર ૭૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આરોપીઓ વિરુદ્ધ દારૂબંધી અને મોબાઈલ ફોન રાખવા સહિતના ગુના દાખલ કર્યાં છે. રેન્જ આઈ. જી.ચિરાગ કોરડીયા અને એસ.પી.સાગર બાગમારની સીધી સુચનાના પગલે કાર્યવાહી કરવામાં આવી હતી. જેલમાં જલસા કરાવતાં જવાબદાર સંત્રીઓ અને અધિકારીઓ સામે સસ્પેન્ડ સહિતની કાર્યવાહી કરવામાં આવશે.

# લક્ષ્મીના ઢોરે જુગાર રમવા ગયેલા યુવાનને ત્રણ શખ્સોએ આંતરી રૂા.૧૦ હજાર લૂંટી લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા વાડ વાજડી ગામે રહેતો યુવાન લક્ષ્મીના ઢોરે જુગાર રમવા જતો હતો ત્યારે ત્રણ લુખ્ખા શખ્સોએ યુવકને આંતરી માર મારી રૂ.૧૦,૦૦૦ ની લૂંટ ચલાવી હોવાના આક્ષેપ સાથે યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. છતાં આ ઘટના અંગે યુનીવર્સીટી પોલીસ અજાણ હોવાનું સામે આવ્યું છે.

આ અંગેની માહિતી મુજબ શહેરની ભાગોળે આવેલા લોધિકા તાલુકાના વડ વાજડી ગામે રહેતા કરણ અમૃતભાઈ બાબરીયા નામનો ૨૮ વર્ષનો યુવાન સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં કાલાવડ રોડ ઉપર મોટામવા વિસ્તારમાં આવેલા લક્ષ્મીના ઢોરે હતો ત્યારે સેન્ડી, સુરેશ અને શક્તિ નામના શખ્સોએ ધોકા અને પટા વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકની પ્રાથમિક પૂછપરછમાં યુવક ડ્રાઇવિંગ કરી પરિવારને આર્થિક મદદ કરે છે અને ગઈકાલે તે લક્ષ્મીના ઢોરે જુગાર રમવા જતો હતો ત્યારે હુમલાખોર ત્રણેય લુખ્ખા શખ્સોએ તેને રસ્તામાં જ આંતરિક માર મારી રૂ.૧૦,૦૦૦ ની રોકડની લૂંટ ચલાવી હોવાનો આક્ષેપ કરવામાં આ ઘટના અંગે યુનિવર્સિટી પોલીસ અજાણ હોવાનું સામે આવ્યું છે. બાવ્યો છે.

# મીરા ઉદ્યોગ એરિયામાં કારખાનામાં ચોરી કરનાર તસ્કર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મીરા ઉદ્યોગ મેઈન રોડ ઉપર આવેલા કારખાનામાં તસ્કરો લએ ત્રાટકી ૫૨,૫૦૦ ના મુદ્દામાલની ચોરી થયાની પોલીસ દફતરે ફરિયાદ હતી. પોલીસે ગણતરીની કલાકોમાં જ એક તસ્કરને ઝડપી લીધો છે. જ્યારે એકની શોધખોળ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ કોઠારીયા ગામે રહેતા અને આજીવસાહતની બાજુમાં આવેલ મીરા ઉધોગમાં કારખાનું ધરાવતા રાજેશભાઈ સોરઠીયાએ થોરાળા પોલીસ મથકમાં પોતાના કારખાનામાં ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવી છે. જેમાં ગત.તા.૧૮ ના સવારે કારખાને ગયો



ત્યારે અંદરનો લોખંડનો દરવાજો તૂટેલ હાલતમાં જોવા મળ્યો તેમજ કારખાનામાં રાખેલ ૩૪ કિલો બ્રાસનો સ્ક્રેપ, ૫ કિલો પેટન્ટ ભંગાર, ૬૦ કિલો પિતળનું કાસ્ટીગ જોવા ન મળતા કોઈ અજાણ્યા શખ્સો ચોરી ગયા હોવાની ફરિયાદ નોંધાવી છે. થોરાળા પોલીસે ફરિયાદના આધારે રાજકોટમાં ગોંડલ રોડ ઉપર આવેલા લોહાનગર મ.પરા ખાતેથી તસ્કર બૈજુ ધરમશીભાઇ પટેલીયા (રહે- લોહાનગર મફતીયાપરા, બાપા સીતારામની મઢુલી પાસે, ગોંડલ રોડ, રાજકોટ)ને ઝડપી લીધો હતો. ઝડપાયેલા તસ્કર પાસેથી પોલીસે પીતળની ધાતુનો ભંગાર અને પીતળની ધાતુનો કાસ્ટીંગનો તૈયાર માલ સહિત રૂ.૩૫,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે આરોપી વિક્રમ બાબુભાઈ વાળા (રહે- મહુવા)નું નામ ખુલતા શોધખોળ હાથ ધરી છે.

# રેલનગરમાં માનસીક બિમારીથી કંટાળી પ્રૌઢનો આપઘાત

## શિવપરામાં યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલનગરમાં રહેતા આધેડે માનસિક બીમારીથી કંટાળી ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. જ્યારે ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા ૨૩ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

રેલનગરમાં શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશીપ બી વિંગમાં રહેતા મનીષભાઈ ધીરૂભાઈ ધોળકિયા નામના ૪૫ વર્ષીય આધેડે ગઇકાલે પોતાના ઘરે પંખાના હૂકમાં દોરડું બાંધી ફાંસો ખાઈ લેતા પરિવારે ૧૦૮ને જાણ કરતાં ઈમેટી મયુરભાઈ સહીતનો સ્ટાફ દોડી ગયો હતો.તપાસી મૃત જાહેર કરતાં પ્ર.નગરના પીએસઆઈ કે.એસ. ભાગોરાએ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી હાથ ધરેલી તપાસમાં મૃતક મનીષભાઈ ત્રણ-ચાર માસથી માનસિક બીમારીથી પીડાતા હોવાથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આધેડના મોતથી પુત્રએ પિતાનું છત્ર ગુમાવ્યું છે.

ગાંધીગ્રામ નજીક આવેલા બ્રહ્મસમાજ ચોક પાસેની શીવપરા શેરી નંબર-૭માં રહેતો વિકાસ રણજીતભાઇ ગોસ્વામી નામના ૨૩ વર્ષીય યુવકે પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ લેતા પરિવારે ૧૦૮ને જાણ કરતાં ઇએમટીના ઘનશ્યામભાઈ દોડી ગયા હતા. અને યુવકને તપાસી મૃત જાહેર કર્યા હતા. જ્યારે આ બનાવ મામલે ગાંધીગ્રામ પોલીસના જમાદાર રવિભાઈએ નોંધ કરી આપઘાતનું કારણ જાણવા તજવીજ હાથધરી છે.

# આંબેડકરનગરમાં દીકરી-જમાઈને સાસરિયા પક્ષે મારમાર્યોઃ સામાપક્ષે વૃધ્ધને ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ગંજીવાડા વિસ્તારમાં રહેતા યુવાને સસરા સાથે ભાગમાં લીધેલું મકાન વેચાઈ ગયા બાદ યુવાન પત્ની સાથે આંબેડકરનગરમાં મકાનના ભાગના રૂપિયા લેવા ગયો હતો ત્યારે દીકરી જમાઈને સસરા સહિતના સાસરીયાએ માર માર્યો હતો. જ્યારે સામા પક્ષે વૃદ્ધાને પણ ઇજા પહોંચી હતી. મારમારીમાં ઘવાયેલા દંપતી અને વૃદ્ધાને સારવાર માટે ખસેડાયા હતા.

આ અંગેનીની માહિતી મુજબ ગંજીવાડામાં રહેતા પ્રકાશ માવજીભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦) અને તેમની પત્ની મુક્તાબેન પ્રકાશભાઈ ચૌહાણ (ઉ.વ.૨૭) આંબેડકરનગરમાં હતા ત્યારે સસરા દેવજીભાઈ રાઠોડ, જયાબેન અને સંજય સહિતના શખ્સોએ ઝઘડો કરી ઢીકા પાટુનો માર માર્યો હતો. જ્યારે વળતા પ્રહારમાં હીરૂબેન રાજાભાઈ રાઠોડ (ઉ.વ.૭૦)ને માવજી અને મુક્તાબેને માર માર્યો હતો. મારામારીમાં ઘવાયેલા દંપતી અને વૃદ્ધાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં પ્રકાશ ચૌહાણ અને હુમલાખોર તેના સસરા દેવજીભાઈ રાઠોડે ભાગમાં મકાન ખરીધું હતું જે મકાન વેચી નાખતા જે ભાગમાં લીધેલા મકાનના મકાનના રૂપિયા લેવા જતા બંને પક્ષે મારામારી થઈ હોવાનું જાણવા મળ્યું છે.

# નિર્મળા રોડ પર પ્રકાશ સોસાયટીમાં જુગાર રમતી બે મહિલા સહિત છની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં શ્રાવણ મહિનાના આગમન પૂર્વે ઠેક ઠેકાણે જુગારના હાટડા શરૂ થયા હોય તેમ નિર્મળા રોડ પર આવેલી પ્રકાશ સોસાયટીમાં ગાંધીગ્રામ પોલીસે રહેણાત મકાનમાં જુગાર રમતી બે મહિલા સહિત છ શખ્સોની ધડ પકડ કરી રૂપિયા ૫૨,૧૪૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

અંગેની માહિતી મુજબ ગાંધીગ્રામ પોલીસ મથકના પી.એસ.આઇ એસએલ ગોહિલ તથા હેડ કોન્સ્ટેબલ મસરીભાઈ સહિતના સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે નિર્મળા રોડ પર આવેલ પ્રકાશ સોસાયટી શેરી નંબર ૨ માં ઓમ નામના મકાનમાં દ રોડ પાડતા જુગાર રમતી લવીના મુરલી ચેલાણી તથા માલા લોકચંદ દુરગીયા તથા પ્રદીપ લક્ષ્મણદાસ રડીયા તથા ભગવાનદાસ તારાચંદ હેમાણી તથા પ્રકાશ જીવતરામ વરિયાળી અને રાજેશ ઘનશ્યામ આહુજા સહિત છ શખ્સોની પોલીસે ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂપિયા ૫૨,૧૪૦ નો મુદ્દા માલ કબજે કરી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.